સુવિચાર
જીવનમાં એટલો સંઘર્ષ તો કરવો જોઈએ કે જેથી પોતાના બાળકોનો આત્મવિશ્વાસ વધારવા બીજાનું ઉદાહરણ આપવું ન પડે

આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

# દિવ્ય ભાસ્કર

કુલ પાનાં 22 + 6 + 4 (નવરંગ) = 32 ગુજરાત કિંમત ₹ 4.00, વર્ષ 15, અંક 334, મહાનગર

આનંદ
જીવનનો સૌથી મોટો આનંદ એ કામ કરવામાં છે કે જેને કરવા અંગે લોકો કહેતા હોય કે તુ કરી શકીશ નહીં

divyabhaskar.com | અમદાવાદ, શુક્રવાર, 27 એપ્રિલ, 2018 | વૈશાખ સુદ-12 વિક્રમ સંવત 2074 | 12 રાજ્ય | 66 સંસ્કરણ


# ડ્રાઇવરે હેન્ડ્સ ફ્રી લગાવી રાખ્યું હતું, વેન ટ્રેન સાથે અથડાતાં 7 ભાઈ-બહેન સહિત 13 બાળકોનાં મોત

## યુપીના કુશીનગરમાં ફાટક વિનાના રેલવે ક્રોસિંગની ઘટના, લોકોએ બૂમો પાડી પણ ડ્રાઈવરે ધ્યાન ન આપ્યું

ભાસ્કરન્યૂઝ નેટવર્ક | લખનઉ

ઉત્તરપ્રદેશના કુશીનગરમાં માનવરહિત રેલવે ક્રોસિંગ પર સ્કૂલ વાન પેસેન્જર ટ્રેન સાથે અથડાતાં 7 ભાઈ-બહેન સહિત 13 વિદ્યાર્થીઓનાં મોત થયાં હતા. તમામ બાળકો 7થી 11 વર્ષના હતાં. અન્ય 8 બાળકોને ઈજા પણ થઈ છે. ઘટના વખતે વાનમાં 25 બાળકો હતાં.

એવું જાણવા મળ્યું છે કે વાનના ડ્રાઈવરે હેન્ડસ ફ્રી લગાવી રાખ્યું હતું. ક્રોસિંગ પાસે વાન આવતાં બાળકો અને આસપાસના લોકોએ બૂમો પાડી હતી પરંતુ ડ્રાઈવરે ધ્યાન આપ્યું ન હતું અને આ દુર્ઘટના સર્જાઇ ગઈ. વાન ડિવાઈન સ્કૂલની હતી જ્યારે ટ્રેન સિવાનથી ગોરખપુર જઈ રહી હતી. ઘટના પછી સ્કૂલ મેનજમેન્ટના લોકો અને પ્રિન્સિપાલ ફરાર થઈ ગયા છે. માહિતી મળતા મુખ્યમંત્રી યોગી ઘટના સ્થળે પહોંચ્યા હતા. મૃતકોના પરિવારને બે-બે લાખની સહાયની જાહેરાત કરી હતી.

...અનુસંધાન પાના નં. 17



### 2016માં ભદોઇમાં 8 બાળકનાં આવી રીતે મોત થયાં હતાં

જુલાઇ 2016માં ભદોઈમાં પણ આવી ઘટના બની હતી. ત્યારે પણ વાનના ડ્રાઈવરે હેડફોન લગાવી રાખ્યો હતો અને વાન-ટ્રેન સાથે ટકરાતાં 8 બાળકો સહિત 9નાં મોત થયાં હતાં.

### દિલ્હીમાં વાન- ટેન્કરની ટક્કર, બાળકીનું મોત,17ને ઈજા

નવી દિલ્હીઃ રાજધાનીના કન્હૈયાનગર મેટ્રો સ્ટેશન પાસે ગુરુવારે સ્કૂલ વાન અને દૂધના ટેન્કર વચ્ચે ટક્કર થતાં એક બાળકીનું મોત થયું હતું અને અન્ય 17 બાળકોને ઈજા પહોંચી છે. ટેન્કરના ડ્રાઈવરની ધરપકડ કરી લેવાઈ છે.

## હાફેશ્વર | પાણીનું સ્તર ઘટતા ગર્ભગૃહનો દરવાજો ખૂલ્યો



પાવી જેતપુર | છોટા ઉદેપુર જિલ્લાના તીર્થસ્થળ હાફેશ્વર ખાતે નર્મદાનું જળસ્તર દરરોજ ઘટી રહ્યું છે જેને લઈને મંદિર પરિસર દિવસે ને દિવસે બહાર આવી રહ્યું છે હાલ મંદિર પરિસરમાં માંડ પાંચ ફૂટ જેટલું જ પાણી જોવા મળી રહ્યું છે અને ગર્ભગૃહનો દરવાજો પણ એક ફૂટ જેટલો ખુલ્લો થઈ જવા પામ્યો છે. આ મંદિરનો પરિસર ખુલ્લો થવાથી બહારથી મંદિરના રંગ રોગાનનું કામ પણ કરવામાં આવ્યું છે. અને મંદિરની બહાર પણ સ્થાનિક આદિવાસીઓ દ્વારા દેવી દેવતાની મૂર્તિ મૂકીને પૂજા અર્ચના કરતા જોવા મળે છે.

## પીએમ મોદી ચીન પહોંચે તે પહેલા નીરવ હોંગકોંગથી ભાગી છૂટ્યો



રૂ.13,700 કરોડનું દેશનું સૌથી મોટું બેન્કિંગ કૌભાંડ

એજન્સી | નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચીન પ્રવાસ શરૂ થાય તે પહેલા જ પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી ભાગેડુ નીરવ મોદી હોંગકોંગમાંથી ભાગી છૂટીને અમેરિકા પહોંચી ગયા હોવાના અહેવાલ છે. એક અહેવાલ મુજબ, નીરવ મોદી ન્યૂ યોર્કમાં રેજન્સી હોટલની આસપાસ દેખાયો હતો.

ગત 1 જાન્યુઆરીના રોજ નીરવ મોદી મુંબઈથી યુએઈ ગયો હતો. જોકે, ધોંસ વધતા તે ત્યાંથી હોંગકોંગ રવાના થયો હતો. પરંતુ હોંગકોંગની કડક કાનૂની કાર્યવાહી જોઈને ત્યાં રહેવું મુશ્કેલ જણાતા તે હવે પાછો અમેરિકા પહોંચ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં નીરવ મોદી લંડન પણ એક મહિનો રોકાયો હતો. ભારત સરકારે હોંગકોંગના કાયદા મંત્રાલયને નીરવ મોદીની ધરપકડ કરવા માટે અપીલ પણ કરી હતી. પરિણામે નીરવને લાગ્યું હશે કે, દબાણ વધશે આથી તે અમેરિકા ભાગી ગયો હોવાનું મનાય છે.

# આસારામ માનતો કે તેના જેવા 'બ્રહ્મજ્ઞાની' માટે દુષ્કર્મ પાપ નથી

## જાતીય શક્તિવર્ધક દવાઓ તથા અફીણનું સેવન પણ કરતો હતો

ભાસ્કર ન્યૂઝ | જોધપુર



સગીરા પર દુષ્કર્મના જે કેસમાં આસારામને બુધવારે જન્મટીપની સજા થઈ તે કેસની ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના એક સાક્ષીએ કોર્ટ સમક્ષ આપેલી જુબાનીમાં જણાવ્યું હતું કે આસારામનું એવું માનવું હતું કે તેના જેવા 'બ્રહ્મજ્ઞાની'ને છોકરીઓનું જાતીય શોષણ કરવાથી કોઈ પાપ લાગતું નથી. આસારામના અનુયાયી રહેલા રાહુલ સાચર

..અનુસંધાન પાના નં. 17

### કેદી નં.130 એટલે કે આસારામે ઉપવાસ કર્યો

પાંચ વર્ષમાં પહેલીવાર આસારામ માટે આશ્રમમાંથી જમવાનું આવ્યું નહતું. જેલમાં બનેલું દૂધીનું શાક, રોટલી અને મઠની દાળ તેને આપવામાં આવી હતી. જોકે, એકાદશીનો ઉપવાસ હોવાનું કહી તેણે ખાધું નહોતું. આસારામે તેના બેરેકની પાછળ તુલસી અને કપાસના છોડવાનું વાવેતર કર્યું છે તેની દેખભાળ કરશે. તેની બેરેકની આસપાસ પણ ઘણા છોડ તેણે વાવ્યા છે. શિલ્પી કેદી નં. 76 મહિલા જેલમાં બંધ છે તેને સિલાઈકામ અપાશે. અથવા તો બ્યુટીપાર્લર અને મહેંદીનો કોર્સ શીખવાડાશે.

દિલગીરી - તા. 25 એપ્રિલના અંકમાં આસારામ અંગેના સમચારમાં સરતચૂકથી કૃષ્ણલીલા શબ્દ ઉપયોગમાં લેવાયો હતો. કોઈની લાગણી દુભાવવાનો હેતુ ન હતો.

## કાશ્મીરમાં આતંકી હુમલામાં નાગરિકનું મોત

શ્રીનગર | દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં ગુરુવારે સીઆરપીએફની રોડ ઓપનિંગ પાર્ટી પર ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો તેમાં એક નાગરિકનું મોત થયું છે. બીજીબાજુ બડગામ જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે આતંકીઓએ જમ્મુ-કાશ્મીર સશસ્ત્ર પોલીસની ટીમ પર હુમલો કરી ચાર હથિયાર લૂંટી લીધા હતા. અન્ય એક ઘટનામાં ત્રણ યુવકોની ધરપકડ કરાઈ છે. તેમને આતંકીઓએ પોલીસકર્મીની હત્યા કરી હથિયાર લૂંટવાનું કામ સોંપ્યું હતું.

## શરીફ પછી પાક.ના વિદેશમંત્રી ખ્વાજા આસિફ અયોગ્ય ઠર્યા

### યુએઈની વર્ક પરમિટ રાખવાનું ભારે પડ્યું

એજન્સી | ઇસ્લામાબાદ

પાકિસ્તાનના વિદેશમંત્રી ખ્વાજા આસિફને ઈસ્લામાબાદ હાઈકોર્ટે ગેરલાયક ઠેરવ્યા છે. તેમને સંયુક્ત આરબ અમિરાતની વર્ક પરમિટ રાખવાનું ભારે પડી ગયું છે. અગાઉ ગત વર્ષે પાક. સુપ્રીમકોર્ટે માજી વડાપ્રધાન નવાજ શરીફને પનામા પેપર્સ ભ્રષ્ટાચાર મામલે અયોગ્ય ઠેરવ્યા હતા. ત્રણ જજોની સ્પેશિયલ બેન્ચે ગુરુવારે આ અંગે ચુકાદો આપતા જણાવ્યું કે આસિફ સાચા અને પ્રામાણિક ન હતા. હાઈકોર્ટના આ ચુકાદા પછી આસિફ કોઈ સરકારી પદ પર નહીં રહી શકે. આ ચુકાદા અંગે આસિફ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. વિરોધ પક્ષ પાકિસ્તાન તહરીકે ઈન્સાફ (પીટીઆઇ) ના નેતા ઉસ્માન ડારે આસિફનું સભ્યપદ રદ કરવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમની દલીલ હતી કે 2013માં ચૂંટણી દરમિયાન આસિફે યુએઈની વર્ક પરમિટ મેળવી લીધી હતી. ડાર ત્યારે આસિફ સામે ચૂંટણી હારી ગયા હતા.

## પાવી જેતપુર : ૯ વર્ષીય બાળકી પર બળાત્કાર

### જાનની બસના કંડક્ટરે દુષ્કર્મ આચર્યું

ભાસ્કર ન્યૂઝ | પાવી જેતપુર

પાવી જેતપુર તાલુકાનાં એક ગામની લગ્નની જાનમાં જતી વખતે ૯ વર્ષીય બાળકી પર લક્ઝરીના કંડક્ટરે નજર બગાડી હતી અને બળાત્કાર ગુજાર્યો હતો. પાવી જેતપુર પોલીસે બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી.



આરોપી

દુષ્કર્મની ઘટનાઓએ દેશને હચમચાવી દીધો છે ત્યારે ફરી એકવાર દેશને શર્મસાર કરનારી ઘટના સામે આવવા પામી છે. આ વખતે ચાલુ બસે ખાનગી બસના ક્લીનરે ૯ વર્ષની બાળાને પોતાની હવસનો શિકાર બનાવ્યો છે. સમગ્ર વિગતમાં પાવી જેતપુર તાલુકાનાં એક ગામમાં લગ્ન હતું જેની જાન તાલુકાનાં જ એક અન્ય

...અનુસંધાન પાના નં. 17

## બ્રિટન : વેસ્ટ મિડલેન્ડમાં પાણીની પાઈપલાઇન ફાટતાં પૂર જેવી સ્થિતિ



લંડન | આ તસવીર બ્રિટનના વેસ્ટ મિડલેન્ડના વેડનસબરી વિસ્તારની છે જ્યાં એકાએક પાણીની પાઈપલાઈન ફાટી જતાં સમગ્ર વિસ્તારમાં ભયંકર પૂર જેવી સ્થિતિ જોવા મળી હતી. અનેક વાહનો તણાઈ ગયા હતા. જોકે તંત્રએ આ મામલે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી હતી. અનેક માર્ગો બંધ કરી દેવાયા હતા.

### કઠુઆકાંડ : સુપ્રીમકોર્ટની આકરી ચેતવણી

## નિષ્પક્ષ ટ્રાયલની શક્યતા નહીં દેખાય તો કેસ ટ્રાન્સફર કરી દઈશું

### અમારી ચિંતા નિષ્પક્ષ સુનાવણી અંગે જ છે : સુપ્રીમ

એજન્સી | નવી દિલ્હી

કઠુઆમાં બાળકી પર દુષ્કર્મ અને હત્યા મામલે ટ્રાયલને લઈને સુપ્રીમકોર્ટે આકરી ચેતવણી આપી છે. કોર્ટે કડક શબ્દોમાં કહ્યું છે કે આ મામલે નિષ્પક્ષ સુનાવણી ન થવાની જરાય શક્યતા દેખાઈ તો કેસ જમ્મુ-કાશ્મીરની સ્થાનિક કોર્ટથી બહાર ટ્રાન્સફર કરી દઈશું. સીજેઆઈ દીપક

...અનુસંધાન પાના નં. 17

### અરજી સાંભળવા સુપ્રીમ રાજી

સુપ્રીમકોર્ટે કઠુઆકાંડના બે મુખ્ય આરોપીની અરજીઓ પર સુનાવણી માટે તૈયાર બતાવી છે. કોર્ટે આરોપી સાંઝી રામ-વિશાલ જંગોત્રાની અરજી સુનાવણી માટે મંજૂરી કરી લેવાઈ છે. બંને કેસને ચંદીગઢ ટ્રાન્સફર કરવા અને મામલાની તપાસ સીબીઆઈને સોંપવાની અપીલ કરી છે. ઉપરાંત તેમણે પીડિતાના પિતા તરફથી દાખલ અરજીમાં તેમને પણ પક્ષકાર બનાવવાની માગણી કરી છે.

ભાસ્કર વિશેષ | યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાએ 9 લાખ દર્દીઓ અને 46,000 સર્જન પર 3 વર્ષ સુધી અભ્યાસ કર્યો

# 60થી વધુ ઉંમરના સર્જન ઓપરેશન કરે તો ફિટ થવાની આશા સૌથી વધુ, દર્દીના મોતની શક્યતા સૌથી ઓછી 6.3%

■ જોકે સર્જનના મેલ-ફીમેલ હોવાની સર્જરીનાં પરિણામ પર કોઈ અસર થતી નથી

એજન્સી | કેલિફોર્નિયા

સર્જન જેટલા પણ અનુભવી હોય દર્દી માટે તેટલું સારું હોય છે. આ પરિણામ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના એક અભ્યાસમાં સામે આવ્યું છે. યુનિવર્સિટીએ લગભગ 9 લાખ દર્દીઓ અને 46,000 સર્જન પર 3 વર્ષ સુધી અભ્યાસ કર્યો. તેનો ઉદ્દેશ્ય એ જાણવાનો હતો કે શું સર્જનની ઉંમર અને જાતિની સર્જરીનાં પરિણામ પર કોઈ અસર થાય છે. પરિણામ મળ્યું કે 60 વર્ષથી વધુના સર્જન જો ઓપરેશન કરે તો સર્જરી સફળ થવાની આશા સૌથી વધુ હોય છે. આવી સ્થિતિમાં ડેથ રેટ એટલે કે દર્દીનું મોત થવાની શક્યતા સૌથી ઓછી 6.3% રહે છે. અભ્યાસમાં જાણ થઈ કે જો સર્જનની ઉંમર 40થી ઓછી હોય તો ડેથ રેટ 6.6%, 40થી 50 વર્ષ વચ્ચે હોય તો 6.5% અને જો 50થી 60 વચ્ચે હોય તો 6.4% રહે છે. સર્જનની ઉંમર 70 વર્ષ કે તેનાથી વધુ હોય તો ડેથ રેટ વધુ નીચે 5% સુધી આવી જાય છે. જોકે રિપોર્ટમાં સ્પષ્ટ જણાવાયું છે કે ઓછા સર્જન જ આટલી ઉંમર સુધી મેડિકલી એક્ટિવ રહી શકે છે.

જોકે સર્જનના મેલ-ફીમેલ હોવાની સર્જરીનાં પરિણામ પર કોઈ અસર થતી નથી. બંને પ્રકારના સર્જનનો સક્સેસ રેટ સમાન રહ્યો હતો. અભ્યાસમાં ગંભીર સર્જરીની સ્થિતિઓને જ સામેલ કરાઈ હતી. અંગ ટ્રાન્સપ્લાન્ટ જેવી નાની સર્જરીના પરિણામોને નહીં. યુનિવર્સિટીની મેડિકલ ટીમે અનેક એવી સર્જરી પર અભ્યાસ કર્યા જે 30 દિવસ સુધી ચાલી. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાની અભ્યાસ ટીમને લીડ કરનારા ડોક્ટર યુસુકે સુગાવા કહે છે કે આ પરિણામનો સીધો સંબંધ વધારેમાં વધારે ડોક્ટરની પ્રેક્ટિસ સાથે છે. દબાણની સ્થિતિમાં અનુભવી ડોક્ટર ઓછા વિચલિત થાય છે. તેમની ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા પણ સારી હોય છે. સર્જરીનાં પરિણામો પર આ વાતની જ અસર થાય છે.

### વધતી ઉંમર સાથે સર્જન શ્રેષ્ઠ બનતા જાય છે

| સર્જનની ઉંમર | ડેથ રેટ (%માં) |
|---|---|
| 40 વર્ષથી ઓછી | 6.6 |
| 40-50 | 6.5 |
| 50-60 | 6.4 |
| 60થી ઉપર | 6.3 |

■ સર્જનની ઉંમર 70 વર્ષ કે તેથી વધુ હોય તો ડેથ રેટ 5%એ આવી જાય છે. જોકે રિપોર્ટમાં સ્પષ્ટ કહ્યું છે કે ઓછા સર્જન જ આટલી ઉંમરે મેડિકલી એક્ટિવ રહી શકે છે.

■ અભ્યાસમાં ગંભીર સર્જરીની સ્થિતિઓને જ સામેલ કરાઈ છે. અંગ ટ્રાન્સપ્લાન્ટ જેવી નાની સર્જરીનાં પરિણામોને નહીં.

## ઈન્ફો ન્યૂઝ


### ટ્રાફિકજામથી 4 શહેરોમાં રેલવે બજેટ જેટલી રકમ બરબાદ થાય છે

1.50 લાખ કરોડ દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, કોલકાતામાં ટ્રાફિક જામથી દર વર્ષે બરબાદ થાય છે.

1.48 લાખ કરોડ રૂપિયાનું હતું આ વર્ષે રેલવે બજેટ

8 ગણો વધારો ટ્રાન્સપોર્ટની માંગમાં 40 વર્ષમાં થયો

ટ્રાફિકજામથી નુકસાન




(સ્ત્રોત : બોસ્ટન કન્સલન્ટિંગ ગ્રૂપ)

## ન્યૂઝ ઈનબ્રીફ

### કોહલી 'ખેલરત્ન' અને દ્રવિડ 'દ્રોણાચાર્ય' એવૉર્ડ માટે નોમિનેટ

નવી દિલ્હી | બીસીસીઆઈએ સુકાની વિરાટ કોહલીને ખેલરત્ન અને ભારતીય અંડર-19 અને એ ટીમના કોચ રાહુલ દ્રવિડને દ્રોણાચાર્ય એવૉર્ડ માટે નોમિનેટ કર્યા છે. ઉપરાંત સુનીલ ગાવસ્કરને ધ્યાનચંદ લાઈફટાઈમ એવૉર્ડ આપવાની ભલામણ કરાઈ છે.

### ગૂગલ, ફેસબુક બાદ માઈક્રોસોફ્ટ પર પિસ્ટલ ઈમોજી બદલશે

સાન ફ્રાન્સિસ્કો | ગૂગલ, ફેસબુક બાદ માઈક્રોસોફ્ટ પણ પિસ્ટલ ઈમોજીને વોટર ગન ઈમોજીમાં બદલશે. એપલે આઈઓએસ 10 અપડેટમાં વોટર ગન ઈમોજી લોન્ચ કર્યો હતો. તેના બાદ ગન કલ્ચર વિરુદ્ધ લડાઈના પ્રયાસો હેઠળ વોટ્સએપ, સેમસંગ અને ટ્વિટર પિસ્ટલ ઈમોજી બદલી ચૂક્યા છે.

### દિલ્હીમાં શહેરનો સૌથી ઊંચો 46 માળનો ટ્વિન ટાવર બનશે

નવી દિલ્હી| દિલ્હીમાં શહેરનો સૌથી ઊંચો 46 માળનો ટ્વિન ટાવર બનશે. 40 એકરમાં નિર્માણ પામનાર આ ઈમારતની ઊંચાઈ 182 મીટર હશે. હાલ 108 મીટર ઊંચુ સિવિક સેન્ટર દિલ્હીની સૌથી ઊંચી ઈમારત છે. 5800 ચો.ફૂટના એક એપાર્ટમેન્ટની કિંમત લગભગ 15 કરોડ રૂપિયા હશે.

### કેરળમાં હવે મલયાલમ ભાષામાં પણ રેલવેની ટિકિટ મળશે

નવી દિલ્હી| કેરળમાં રેલવે યાત્રા કરનારા લોકોને હવે તેમની સ્થાનિક ભાષા એટલે મલયાલમમાં છપાયેલી રેલવે ટિકિટ મળશે. હમણા ટિકિટ હિન્દી-અંગ્રેજીમાં છપાતી હતી. પ્રારંભે તિરુવનંતપુરમ અને એર્નાકુલમ સ્ટેશનો પર આ ટિકિટ મળશે.

### પ્લાસ્ટિક કચરાને ઘટાડવા 42 બ્રિટિશ કંપનીઓએ કરાર કર્યો

લંડન | પ્લાસ્ટિક કચરાને ઘટાડવા માટે બ્રિટનની 42 કંપનીઓએ કરાર કર્યો છે. આ કંપનીઓ બ્રિટનમાં વેચાતા સામાનની 80 ટકા પ્લાસ્ટિક પેકેજિંગ માટે જવાબદાર છે. બ્રિટનમાં પ્લાસ્ટિક સ્ટ્રો અને કોટન બડ્સ વગેરે પર પ્રતિબંધ મૂકવાની યોજના છે.

### ગ્લોબલ પેટન્ટ લિસ્ટમાં એક દાયકામાં 8 ટકા મહિલા ઈનોવેટર

જિનિવા | ગ્લોબલ પેટન્ટ લિસ્ટમાં ગત એક દાયકામાં મહિલા ઈનોવેટરની સંખ્યા 8 ટકા વધી ગઈ. ગત વર્ષે આવેલી 2 લાખ 24 હજાર ઈન્ટરનેશનલ પેટન્ટ અરજીમાંથી 31 ટકા મહિલાઓ હતી. જોકે એક દાયકા પહેલાં આ આંકડો ફક્ત 23 ટકા હતો.

### રસીકરણથી બાળમૃત્યુદર શક્ય એટલો ઘટાડવાનો લક્ષ્યાંક

નવી દિલ્હી| રસીકરણ સપ્તાહની ઉજવણી દરમિયાન બાળ મૃત્યુદર હજાર બાળકદીઠ ઓછામાં ઓછો 25 સુધી લાવવાનો છે. ન્યૂમોનિયા અને અતિસાર સામે રસીકરણનું પ્રમાણ વધારી વર્ષે 90 હજાર બાળકોને મોતના મુખમાંથી બચાવી શકાય છે.

દિવ્ય ભાસ્કર | ગિફ્ટ માટેની કૂપન





